# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-10-2023** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **ખ્યાતિ પુરોહિત** વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SOLAR - I KHEDUT PORTAL

આવતીકાલથી ખેડૂતો માટે આઇ ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવશે. રાજ્યના ખેડૂતો ખેતરની ફરતે સોલાર ફેન્સીંગ કરી શકે તે માટે સોલાર પાવર યુનિટ, કીટની ખરીદીમાં નાણાકીય સહાય મેળવવા માટે ખેડૂતો આવતીકાલથી આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરી શકશે..

આ યોજના હેઠળ રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતોને વ્યક્તિગત ધોરણે જેમણે કાંટાળી તારની વાડ બનાવવા માટે લાભ લીધો ન હોય તેને સોલાર ફેન્સીંગ બનાવવા કુલ ખર્ચના ૫૦ ટકા  અથવા ૧૫ હજાર રૂપિયા, બે માંથી જે ઓછું હોય તે મુજબ સહાય મળશે. આ માટે ખેડૂતોએ વહેલા તે પહેલાના ધોરણે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની રહેશે. સહાય માટે ખેડૂતને પૂર્વ મંજૂરી મળ્યા બાદ ૬૦ દિવસમાં ઓનલાઈન અરજીની પ્રિન્ટ સાથે કિટની ખરીદી અંગેના જરૂરી આધાર પુરાવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને રજૂ કરવાના રહેશે.

# VANY PRANI SPTAH

2થી 8મી ઓક્ટોબર દરમિયાન યોજાયેલા વન્યપ્રાણી સપ્તાહના આજે અંતિમ દિવસે  કચ્છ પશ્ચિમ વન વિભાગ દ્વારા વન્યજીવો પ્રત્યે જાગૃતિ કાર્યક્રમ યોજાઇ ગયો. શ્રી GMDC હાઈસ્કૂલ, સુખપર  ખાતે, યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ સ્કૂલના ૩૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે વન્યજીવ સંરક્ષણ અને સંવર્ધન વિષય પર નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા સહિત કચ્છના વન્યજીવોની ઓળખાણનું આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમમાં કચ્છ પશ્ચિમ વન વિભાગના પ્રમુખ, જિલ્લાના અગ્રણીઓ, ગામના લોકો તેમજ વન્યજીવ સંરક્ષણમાં રસ ધરાવતા લોકો સહભાગી થયા હતા. વિજેતા બાળકોને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યા હતા.

## HIMACHAL PRADESH GOVERNOR- GUJ.

હિમાચલ પ્રદેશના રાજ્યપાલ શિવ પ્રતાપ શુક્લ અને લેડી ગવર્નર શ્રીમતી જાનકી શુક્લ રાજ્યની મુલાકાતે ગાંધીનગર આવ્યા હતા. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે તેમનું રાજભવનમાં કચ્છી શાલ ઓઢાડીને સ્વાગત કર્યું હતું જ્યારે હિમાચલ પ્રદેશના રાજ્યપાલે શ્રી આચાર્ય દેવવ્રતને હિમાચલની ઓળખ સમી બુશેહરી ટોપીથી અભિવાદન કર્યું હતું,

શ્રી શિવ પ્રતાપ શુક્લાએ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સરદાર સરોવર ડેમની મુલાકાત લીધી હતી અને સરદાર સરોવર ડેમના નિર્માણ કાર્ય તેમજ ડેમની જળ સંગ્રહ શક્તિ તથા વિસ્થાપિતોના પુનઃ સ્થાપન અંગેની વિગતો મેળવી હતી.. તેમણે અભિપ્રાય બુકમાં નોંધ્યું હતું કે, સરદાર પટેલના કાર્યો, પ્રતિમા દર્શન અને મુલાકાતથી તેમણે ધન્યતા અનુભવી હતી.

## PATAN- AMRUT KALASH YATRA

“મારી માટી, મારો દેશ" કાર્યક્રમ અંતર્ગત કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં પાટણના ખળી ગામમાં કળશ યાત્રા

યોજાઇ હતી. કેબિનેટ મંત્રીશ્રીની સાથે અન્ય મહાનુભાવો પણ કળશ યાત્રામાં પગપાળા જોડાયા હતા.

આ પ્રસંગે શ્રી રાજપૂતે જણાવ્યું હતું કે, દેશના નાગરિકોએ એકત્ર કરેલ માટીની સુગંધ વિશ્વમાં ફેલાશે. તેમણે આયુષ્યમાન કાર્ડ, રાજ્યની શાળાઓમાં આધુનિક શિક્ષણ જેવી યોજનાઓમાં રાજ્ય સરકાર કામ કરી રહી હોવાનું જણાવ્યું હતું. ખળી ગામમાં યોજાયેલી કળશ યાત્રા દરમિયાન પંચ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી અને ગામલોકોએ માટી- ચોખા કળશમાં અર્પણ કર્યા હતા.

## AMRUT KALASH YATRA

"મારી માટી, મારો દેશ" અભિયાન અંતર્ગત નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાના અધ્યક્ષસ્થાને સુરેન્દ્રનગરના ભદ્રેશી ગામ ખાતે 'અમૃત કળશ યાત્રા' યોજાઈ હતી.

અમારા સુરેન્દ્રનગરના પ્રતિનિધી દિનેશ પરમાર જણાવે છે કે, જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાંથી એકઠી કરેલી માટી તાલુકા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે લઈ જવામાં આવશે. આ માટીમાંથી પાટનગર દિલ્હીના કર્તવ્ય પથ પર "અમૃતવાટિકા" નું નિર્માણ કરવામાં આવશે. જે આપણા દેશ માટે શહાદત વહોરનાર દરેક વીર જવાનને સાચી શ્રદ્ધાંજલિ હશે. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ સહિતના મહાનુભાવો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

મારી માટી મારો દેશ અંતર્ગત મહેસાણા કમલમ કાર્યાલય ખાતેથી ગુજરાત ભાજપ પ્રદેશ મહા મંત્રી રજની પટેલ તેમજ મહાનુભાવોના હસ્તે અમૃત કળશ યાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું..

# SABARKANTHA- CASH CREDIT

સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે તાલુકા કક્ષાનો કેશ ક્રેડિટ ધિરાણ કેમ્પ યોજાયો હતો.

તાલુકા પંચાયત પ્રમુખ પ્રદીપસિંહ રાઠોડની અધ્યક્ષતામાં પંચાયત સભાખંડ પ્રાંતિજ ખાતે યોજાયેલા આ ધિરાણ કેમ્પમાં કુલ ૭૦ થી વધુ મહિલાઓ હાજર રહી હતી અને કુલ ૨૫ સ્વસહાય જુથોને ૩૧ લાખ રૂપિયાનું ધિરાણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરેલ બેંક મેનેજરશ્રી, બેંક સખી અને બિસી સખીનું સન્માન કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં પ્રાંતિજ તાલુકામાં કુલ ૪૧૧ જુથોને ૭૩૫ લાખ રૂપિયાનું ધિરાણ આપવામાં આવ્યું છે.

# MEHSANA- DHIRAN

મહેસાણા તાલુકામાં દીનદયાળ અંત્યોદય યોજના તેમજ રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા યોજના અંતર્ગત 36 સ્વસહાય જૂથોને 89 લાખ રૂપિયાનું કેશ ક્રેડિટ ધિરાણ અપાયું હતું. આ સહાયથી અનેક મહિલાઓને રોજગારી ઉભી થઇ છે અને તેઓ પગભર બની છે. મહેસાણા તાલુકામાં 1 હજાર 889 સખી મંડળોમાં 20 હજાર 817 મહિલાઓ કાર્યરત છે.

# PANCHMAHAL- SCHOOL STHAPNA DIN

પંચમહાલ જિલ્લાના મોરવા તાલુકાની મોરા પ્રાથમિક શાળાનો ૧૧૫મો સ્થાપના દિવસ ઉજવાઇ ગયો. પૂર્વ મંત્રી અને ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથારના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં શાળામાં ૩૯ વર્ષથી સેવારત શિક્ષક પ્રવિણભાઇ દેસાઈનો નિવૃત્તી કાર્યક્રમ પણ યોજાયો હતો. પ્રવિણભાઇએ જે શાળામાંથી  પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું ત્યાં જ શિક્ષક અને ત્યારબાદ આચાર્ય તરીકે સેવાઓ આપી હતી. આ અવસરે પ્રવિણભાઇએ શાળાના વિકાસ માટે ૨૫ હજાર રૂપિયાનો ચેક અર્પણ કર્યો હતો.